ZANDU FOUNDATION
Established:1990

# Zandu Foundation for Health Care (ZFHC)

# જળ બ્રાહ્મી (*Bacopa monnieri*)





**લોકલ નામ :** જળ બ્રાહ્મી,

**વૈજ્ઞાનિક નામ:** *Bacopa monnieri*

**ફેમીલી:** પ્લાન્ટાગીનાસી

**શાસ્ત્રીય નામ:** બ્રાહ્મી, નીર બ્રાહ્મી

**ઉપયોગ ભાગ:** આખો છોડ

**મુખ્ય રાસાયણિક તત્વ:** ટ્રાય ટર્પીનોઇડ્સ, બેકોસાઇડ, બ્રાહ્માઇન.

**છોડનો પ્રકાર:** ક્રીપર

**છોડની ઊંચાઇ:** ૪ થી ૫ સે,મી.

**છોડનું ચક્ર:** બહુ વર્ષાયુ

જળ બ્રાહ્મી નો આખો છોડ ઔષધિ દવામાં કામ આવે છે. આ છોડ જમીન પર ફેલાઇને મોટો થાય છે. એના પાન મુલાયમ ગુચ્છેદાર અને ફુલ સફેદ રંગના હોય છે. જળ બ્રાહ્મીના ફુલ નાના સફેદ ભુરા અને ગુલાબી રંગના હોય છે. ભારતમાં એનુ ઉત્પાદન સારૂ થાય છે. જળ બ્રાહ્મીનો છોડ વધારે પાણીમાં અથવા પાણી ભરાય રહેલુ હોય ત્યા વધારે જોવામાં આવે છે. જળ બ્રાહ્મીથી કબજીયાત દૂર થાય છે. એના પાન થી ગાંઠ દુર થાય છે. જળ બ્રાહ્મીના પાન લોહીનુ શુધ્ધિકરણ કરે છે અને હ્રદય માટે પણ કામ આવે છે.

**ઉપયોગ :** એનો ઉપયોગ અલ્સર, ટયુમર, મિર્ગી, પાગલપન, ગાંઠ, દમની બિમારીમાં કામ આવે છે. એના આખા છોડનો ઉપયોગ થાય છે.

**જમીનનો પ્રકાર :** છોડનો વધારે વિકાસ માટે ગોરાડુ અને મધ્યમકાળી અને રેતાળ જમીન વધુ અનુકુળ આવે છે. આમ તો કોઇ પણ પ્રકારની જમીનમાં થઇ શકે છે.

**જમીનની તૈયારી:** ટ્રેક્ટરથી બે થી ત્રણવાર ઊંડી ખેડ કરી જમીનને સમતળ બનાવવી.

**વાવણીનો સમય:** એના છોડ તૈયાર કરી જુન-જુલાઇ માસમાં રોપવાનો ઉત્તમ સમય છે. આમ તો કોઇ પણ સમયે રોપી શકાય છે.

**વાવણીનો અંતર :** વધારે ઉત્પાદન માટે ૨૦x૨૦ સે.મી.ના અંતરે રોપવા.

**બીજનો દર અથવા કટીંગ :** એક હેક્ટરમાં લગાવવા માટે ૬૭૦૦૦ કટીંગની જરૂર પડે છે.

**ખાતર :** જમીનની તૈયારી કરતી વખતે ૧૦ ટન એક હેકટરે છાણિયું ખાતર આપવુ. એનું વધારે ઉત્પાદન માટે ૧૦૦ કિ.ગ્રા. નાઇટ્રોજન ૬૦ કિ.ગ્રા. પોટાશ ૬૦ થી ૧૦૦ કિ.ગ્રા. ફોસ્ફરસ.

**પીયત :** વરસાદ પછી તરત જ પાણી આપવું. શિયાળામાં ૧૫ થી ૨૦ દિવસના અંતરે પાણી આપવુ અને ઊનાળામાં ૧૦ થી ૧૫ દિવસના અંતરે પાણી આપવુ.


**નિંદામણ:** રોપ્યા પછી ૧૫ થી ૨૦ દિવસનાં અંતરે હાથથી નિંદામણ કરતા રહેવું.

**કાપણી:** છોડ રોપ્યા પછી ૬ થી ૭ મહિનામાં પહેલું કટીંગ કરવું, પહેલું કટીંગ ઓકટોબર અને નવેમ્બર મહિનામા કરવામા આવે છે અને ૧ વર્ષમાં ૨ થી ૩ વાર કટીંગ કરી શકાય છે. કાપણી પછી એને છાયડામાં સુકવવામાં આવે છે.

**ઉત્પાદન :** આખા છોડનું ઉત્પાદન ૩-૪ ટન પ્રતિ હેકટરે સુકુ ઉત્પાદન મળે છે.








**Quality parameters as per API**

| Parameters | API standards* |
|---|---|
| Foreign matter | Not more than 2 % |
| Total ash | Not more than 18 % |
| Acid-insoluble ash | Not more than 6 % |
| Alcohol-soluble extractive | Not less than 6 % |
| Water-soluble extractive | Not less than 15 % |

*API-Ayurvedic Pharmacopoeia of India.



**વધુ માહિતી માટે સંપર્ક:**

સાઇન્ટીસ ઈંચાર્જ,

ઝંડુ ફાઉંડેશન ફોર હેલ્થ કેર

ગામ : અંબાચ, તા: પારડી, જી. વલસાડ - ૩૯૬ ૧૪૫

E-mail : zfhc.farm@gmail.com, info@zandufoundation.com

website : www.zandufoundation.com

ફોન નંબર : ૦૨૬૦૨૩૧૮૨૧૭/૧૮